Contestant Name : **Dashrath Parmar** (Ratilal Chandaria Memorial Award – Story Contest – 1st Winner)
*****************************************************************************************************

# ખરા બપોરનો ચોર

- બૉર્ડ દસેક ફૂટ ઉંચું હતું,લોખંડનું,કટાઈ ગયેલું.ઝાંખાપાંખા અક્ષરોવાળું,પણ વાંચી શકાય તેવું.મોટા લાલ અક્ષરે ચિતરેલું હતું-મનદર્શન સોસાયટી.એની નીચે મકાનોના નંબર અને રહીશોનાં નામ. સોસાયટીનું નામ વાંચીને એના હોઠ સહેજ વંકાયા.થયું-લોકો નામ પણ કેવાં-કેવાં રાખતા હોય છે?જો કે,નામ સાથે એને કશી લેવાદેવા નહોતી.એ તો એકાદ કલાકથી આવી છેવાડાની કોઈ સોસાયટીની શોધમાં હતો.તેથી અહીં પહોંચ્યા પછી એને લાગ્યું હતું કે એ જે જગ્યાની શોધમાં હતો તે આ જ છે.એણે બાઈક સહેજ ત્રાંસું કરી એક પગ જમીન પર ટેકવ્યો.ગોગલ્સ ઉતારી આજુબાજુ નજર ફેરવી.શહેરની હદ અહીં પૂરી થતી હતી.સિંગલ રોડની બન્ને બાજુએ સોએક મીટર સુધી ઉંચા-ઉંચા દેશી બાવળ હતા.પછી એક મોટો વળાંક અને તે પછી શરૂ થતો હાઈ -વે..આ કદાચ શહેરની છેલ્લી સોસાયટી હતી-છૂટાંછવાયાં પચાસેક મકાનોવાળી,ચારે તરફથી ખુલ્લી.અને સોસાયટી જ્યાં પૂરી થતી હતી ત્યાંથી ખેતરો શરૂ થતાં હતાં.એણે વિચાર્યું,સ્થળ,સમય અને પરિવેશ બધું જ અનુકૂળ આવે તેમ હતું,એનું કામ પૂરું કરવા માટે.એણે બૉર્ડ પર વાદળી રંગથી લખાયેલાં નામ પર નજર ફેરવી.એક-બે-ત્રણ...અને મનોમન એક નામ નક્કી કરી એના પર નજર નોંધી રાખી.બાઈક પરથી નીચે ઉતર્યો.થેલો ખભેથી ઊતાર્યો.એમાંથી ખાખી કવર અને પેન કાઢી કવર પર પેલું નામ અને સરનામું લખી લીધાં.ચોરસ ખાનાંવાળા કાગળ પર પણ એ જ નામ ટપકાવી લીધું.મોબાઈલ સ્વીચ ઑફ્ફ કરી કપાળે વળી આવેલો પરસેવો લૂછી એ ફરી પાછો બાઈક પર સવાર થયો.સ્ટાર્ટ કરી મેઇન ગૅટની અંદર પ્રવેશ્યો.મે મહિનાના ખરા બપોરનો સુસ્ત સૂનકાર સોસાયટીનાં બે સીધી લાઈનમાં વહેંચાયેલાં મકાનો પર સ્થિર થઇને પડ્યો હતો.

એ મનમાં ને મનમાં જે મકાન નંબરનું રટણ કર્યા કરતો હતો તે સામે જ હતું,એકલું-અટૂલું.એણે બાઈક થોભાવ્યું.એકાદ ક્ષણ એ મકાનને બરાબર જોઈ લીધું.કોઈ રીતે વાંધો આવે તેમ નહોતો.એક ઊંડો શ્વાસ ખેંચી અનુભવી આંગડિયાની જેમ એ મકાન તરફ ધસી ગયો.ગૅટ ખુલ્લો જ હતો.એણે હળવેથી ધક્કો માર્યો.થોડો કિચૂડાટ થયો.પણ એની પરવા કર્યા વગર દરવાજાને એ જ સ્થિતિમાં છોડી એ અંદર ગયો.કમ્પાઉન્ડ વૉલ પર કૅક્ટસનાં ચાર-પાંચ કૂંડાં પડ્યાં હતાં અને આગળની દસેક ફૂટ જેટલી જગ્યામાં આસોપાલવ અને લાલ ફૂલોથી લચી પડેલો ગુલમહોર.એણે ડોરબેલની સ્વીચ દાબી.પછી કાન સરવા રાખી,અંદર થતી હલચલ પર ધ્યાન કેન્દ્રિત કર્યું.આ તરફ આવી રહેલાં પગલાંનો અવાજ સંભળાયો.એને ગભરાટ જેવું થયું,પણ તરત સાવધ થઈ ગયો.બારણું ખૂલવાનો અવાજ અને બીજી જ ક્ષણે સામે એક સ્ત્રી ઊભી હતી,ત્રીસેક વરસની,આસમાની રંગની સિલ્કની સાડીમાં.સાડીનો છેડો કમર ફરતે વીંટેલો હતો.હજી હમણાં જ ઊંઘમાંથી જાગી હોય એમ એની આંખો ભારઝલ્લી હતી.થોડીક લાલાશ પણ ડોકાતી હતી.ચહેરો તરડાઈ ગયો હતો અને વાળ વિખરાયેલા.કપાળમાં ચાંદલો નહોતો.

સ્ત્રીએ પ્રશ્નાર્થ નજરે એની સામે જોયું.

- કુરિયર:એણે થેલામાંથી કવર કાઢતાં કહ્યું.

- કોના નામનું છે?

એણે કવર પરથી નામ વાંચીને કહ્યું.સ્ત્રીની આંખો એકાદ ક્ષણ માટે ચમકી ગઈ-એ એની નજરથી છૂપું ન રહ્યું.પણ એ વાતને ધ્યાન પર લીધા વિના એ પોતાના કામ પ્રત્યે સભાન થઈ ગયો.

- એ તો ઘેર નથી..

- તો તો બહુ સરસ..!-એના હોઠ પર આવી ગયું,પણ બોલ્યો જુદું જ:નો પ્રૉબ્લેમ...સહી કરીને તમે લઈ લો..:એણે પેન અને ખાનાંવાળો કાગળ સ્ત્રીની સામે ધર્યો.સ્ત્રીએ ચોરસ ખાનામાં સહી કરીને પેન-કાગળ એને પાછાં સોંપ્યાં.પછી અંદર જવા માટે પાછળ ફરી.

એ સતર્ક થઈ ગયો.પોતાનો દાવ હવે શરુ કરવાનો હતો.ગઈ કાલે રાત્રે જોયેલા એક અંગ્રેજી મૂવીના હીરોની જેમ જ એણે પ્લાન ઘડ્યો હતો.સ્ત્રી વધારે આગળ જતી રહે અને બારણું બંધ કરી દે તે પહેલાં એને ગમે તે રીતે પાછી વાળવાની હતી અને પોતે ઘરમાં ઘૂસી શકે એવી શક્યતાનું નિર્માણ કરવાનું હતું.એક ક્ષણનોય વિલંબ કર્યા વિના એણે પેન હાથમાં જ રાખીને કહ્યું :

- ઍક્સક્યુઝ મી, મૅ'મ..! એક ગ્લાસ પાણી મળશે..?

- હા કેમ નહીં..?:સ્ત્રીએ પાછળ ફરીને કહ્યું.

બહુ વાંધો આવે તેમ લાગતું નથી,એણે વિચાર્યું.બધું પ્લાનિંગ પ્રમાણે જ ચાલી રહ્યું છે.સૌથી પહેલાં પાણી માગવાનું હતું.પાણી પીધા પછી ગ્લાસ પાછો મૂકવા જતી સ્ત્રીને ગરદનથી પકડીને...એ હરખાઈ ઉઠ્યો.સ્ત્રી પાણી લેવા કીચન તરફ ગઈ ત્યાં સુધીમાં તો એ બારણા પાસે પહોંચી ગયો.કાગળ થેલામાં મૂકી,થેલાનો પટ્ટો થોડો કસીને બાંધી દીધો. બારણું બંધ કરવાનો વિચાર આવ્યો,પણ સ્ત્રીને એકદમ શંકા પડશે એમ ધારીને એ તરફ લંબાવેલો હાથ પાછો ખેંચી પૅન્ટના ખિસ્સામાં ખોસી ઊભો રહ્યો.ખિસ્સામાં રહેલું નાનકડું ચપ્પું હાથને સ્પર્શ્યું.કદાચ જરૂર પડે તો કામ લાગે-એમ સમજી કસાઈવાડાના નાકા પરની દુકાનમાંથી ખરીદેલા ચપ્પા પર એ આંગળીઓ ફેરવતો રહ્યો...

- તે અંદર આવને, ભઈલા! બહાર ગરમીમાં શું ઊભો છે?અંદર પંખો ચાલુ છે:સ્ત્રીએ સાડીનો છેડો કમર પરથી છૂટ્ટો કર્યો:આ વખતની ગરમી તો તોબા,ભૈસા'બ..!:સ્ત્રી અંદર વળી.ગરદન પર ધસી આવેલા પરસેવાના રેલાને સાડીના છેડાથી લૂછતાં એણે પંખાની સ્પીડ વધારી.

એ હળવે પગલે અંદર ઘૂસ્યો.સ્ત્રીના હાથમાંથી પાણીનો ગ્લાસ લઈ,પંખા નીચે જઈ ઊભો.શર્ટની અંદર પરસેવાના રેલા ઊતરી રહ્યા હતા-શરીરની ગરમીને લીધે નહીં પણ ભીતરના અજાણ્યા ડરને લીધે વળેલા પરસેવાના રેલા.ત્યાં પવનનો સ્પર્શ થતાં થોડી ઠંડક પ્રસરી ગઈ.એને સારું લાગવા માંડ્યું.આખોય ગ્લાસ એ એક જ ઘૂંટમાં ગટગટાવી ગયો.બીજું મળશે?-એવું પૂછવા જતો હતો ત્યાં તો સ્ત્રીએ જ સામેથી પૂછ્યું

- બીજું આપું?

- હા..હા..: એણે ઉતાવળે કહ્યું.અને ત્રાંસી નજરે, ફરીથી કીચન તરફ જઈ રહેલી સ્ત્રીની પીઠને જોઈ રહ્યો.પછી સોફા પર બેસી પડ્યો.આખાય રૂમમાંથી એક જુદા જ પ્રકારની અને સાવ અજાણી ગંધ આવી રહી હતી.એણે ડ્રૉઈંગ રૂમમાં નજર ફેરવી.દિવાલોનું ઠેકઠેકાણેથી ઊખડી ગયેલું પ્લાસ્ટર..રંગના ધબ્બા ..બારીઓના મેલા-જૂના પરદા ..સોફા...ટિપૉઈ..ઍશ-ટ્રે...હમણાં જ પિવાયેલી સિગારેટનું ઠૂંઠું..પૉર્ટેબલ ટી.વી...ટેબલ પર પડેલો સ્ત્રી-પુરુષનો લગ્ન વખતનો ફોટો.અને...

- એક વસ્તુ સરખી રીતે મૂકી શકતાં નથી આ છોકરાં...:મમ્મીનો અવાજ:થાકી ગઈ હું તો આ બધું ગોઠવી-ગોઠવીને,ભૈસા'બ..!આ છોકરાનું તો ઠીક છે,પણ છોકરીમાંય કશો ભલીવાર નથી...: એ સહસા ચોંકી ઊઠ્યો.એણે ઝડપભેર અડખે પડખે નજર ઘૂમાવી.નર્યો ભ્રમ..!

- લે,ભાઇ..!:સ્ત્રી સામે ઊભી હતી,ટ્રેમાં બે ગ્લાસ ગોઠવીને.એકમાં ગ્લાસમાં પાણી હતું અને બીજામાં ઘાટા લીલા રંગનું શરબત...!

એણે પાણીનો ગ્લાસ લઈ લીધો.

- આ પણ તારા માટે જ છે...!

- ના,ના..એની શી જરૂર હતી?:એણે ખંચકાટભર્યા સ્વરે કહ્યું.

- જરૂર છે...જોને,હજુ તો કેટકેટલે ઠેકાણે ફરવાનું થશે તારે,આ તાપમાં?

એને સંકોચ થતો હોય એમ એ પાણી પીને બેસી રહ્યો .સ્ત્રીએ બળજબરીથી શરબતનો ગ્લાસ એના હાથમાં પકડાવી દીધો.કાચના ગ્લાસની બહારની સપાટી પર બાઝેલાં ટીપાંની ઠંડક આંગળીઓ વાટે થઈને એના દેહમાં ઊતરવા લાગી.એણે ઘડિયાળમાં જોયું.આ સમયે કૉલેજ કૅન્ટીનમાં સૌ મિત્રો ભેગા થઈ કોકનાં ટીન ખોલીને આ જ રીતે સિપ કરી રહ્યા હશે...એને થયું,હવે બહુ રાહ જોવામાં મજા નથી.કોઈ આવી ચડે એ પહેલાં...

- તે તું ક્યાંનો,ભઈલા..?

હું?:સ્ત્રીના આકસ્મિક પ્રશ્નથી એ એકાદ ક્ષણ માટે ડઘાઇ ગયો.અહીંના ગામના નામોની એને ઝાઝી ખબર નહોતી.પોતાના પ્રદેશના ગામનું નામ લઈશ તો એને આટલો વિશ્વાસ આવ્યો છે તે એકદમ ઊઠી જશે.તો શું કરવું?એ વિચારવા લાગ્યો.એના રૂમ પાર્ટનરના ગામનું નામ એને યાદ હતું.

- વડનગર:એ ફટાફટ બોલી પડ્યો.

- શું વાત છે?વડનગર..?એ તો મારૂં...:સ્ત્રીની આંખોમાં કોઈ જુદા જ પ્રકારની ચમક આવી ગઈ.એણે આંખો મીંચી દીધી.એ ધારીને જોઈ રહ્યો.આ ક્ષણે જાણે એ અહીં નહોતી.

ખૂ..બ દૂરથી વહી આવતો એનો અવાજ...અને એની તૂટક-તૂટક વાતોમાંથી એને આટલું પકડાયું:ટેકરી પરનું ઐતિહાસિક ગામ ...છેવાડાનું ઘર..ગામના બીજા છેડે રેલ્વે સ્ટેશન..એની પાછળ આંબલીનું એક મોટું ઝાડ..એના કાતરા...ગોડાઉન સામેની એની ગર્લ્સ હાઈસ્કૂલ...બે ટ્રેનોનો સંગમ.અને... થોડીવાર પછી એણે આંખો ખોલી ત્યારે એની બેય આંખોમાં ગામનું પ્રખ્યાત તળાવ લહેરાતું હતું..આછા વાદળી રંગનું ફ્રૉક પહેરી,ખભે દફ્તર ભરાવી શાળાએ જતી બે ચોટલાવાળી એક છોકરી પણ એમાં ક્યાંક સંગોપાયેલી હતી....

- કેવળ ગામ નહીં..આ બ્રહ્માંડનું સૌથી તેજસ્વી સ્થળ...!:સ્ત્રીનો અવાજ પણ હવે ભીનો થઈ ગયો હતો.એકાદ ક્ષણ અટકીને એણે વાત પલટી:ઠીક છે,જવા દે એ બધું..પણ એ કહે કે,તું કયા માઢમાં રહે છે?અને શું નામ,તારા પપ્પાનું?

એ હવે ગભરાવા લાગ્યો.એને પસ્તાવો પણ થયો.ગામનું ખોટું નામ દઈને એણે મોટો છબરડો વાળી દીધો હતો.એને પોતાની જાત પર દાઝ ચડી.ક્યારેય જોયું જ ન હોય એવા ગામનું નામ લેવાને બદલે કોઈક એવું નામ કહેવું જોઈતું હતું,જે પોતે તો જાણતો હોય,પણ બીજું કોઈ જાણતું ન હોય,કમ સે કમ આ સ્ત્રી તો ન જ જાણતી હોય.હવે?વિચારવાનો સમય નહોતો.જેમ બને તેમ કામ પતાવી અહીંથી ભાગવાનું હતું.બીજી માથાકૂટમાં પડીને સમય પસાર કરવાનો આખા પ્લાનમાં ક્યાંય અવકાશ નહોતો,પણ સ્ત્રીનો વિશ્વાસ કેળવવા એના પ્રશ્નોના જવાબ આપવા જરૂરી પણ હતા.એ માથું ખંજવાળવા લાગ્યો.ત્યાં જ રાતવાળું પેલું મૂવી પાછું મદદે આવ્યું.એના હીરોની જેમ જ એ બોલ્યો :

- એ અમારૂં ગામ ખરૂં..પણ પપ્પા લોકો તો વર્ષોથી શહેરમાં સૅટલ થઈ ગયેલા.મારો તો જન્મ પણ શહેરમાં થયેલો,એટલે મેં તો ગામ જોયું પણ નથી..: એ પૂરૂં બોલી રહે તે પહેલાં વરંડાનો ગૅટ ખખડ્યો હોય એવો અવાજ આવ્યો.એણે થોડી નિરાંત અનુભવી.સ્ત્રીની પડપૂછમાંથી બચી જવાયું હતું.પણ એનું મન વળતી જ પળે પાછું આતંકિત થઇ ઊઠ્યું...નથી ને કોઈ આવી ચડ્યું તો...? સ્ત્રી હળવેથી બારણા પાસે ગઈ. ડોક લંબાવી બહાર જોવા લાગી.પછી તરત પાછી અંદર આવી.એ સોફામાંથી ઊભો થઈ ગયો.

- બેસ ને..!ઊભો કેમ થઈ થયો?બહુ ઉતાવળ છે?:સ્ત્રીએ કહ્યું:ભણવાની ઉંમરે તું વળી આ ધંધામાં ક્યાંથી પડ્યો?

- આ સૅમેસ્ટરમાંય ઍટીકેટી આવી તે ભણવા-બણવાનું કાંઈ ચાલે છે કે પછી આખો દિવસ મોબાઈલ અને દોસ્તારો સાથે ભટકવાનું?હું તો હવે રિટાયર થયો..એકના પૅન્શનમાં બધાંનું ક્યાંથી પૂરૂં કરી શકાશે?આ છોકરીનું જોઇને તો કાંઇક શીખ..!બિચારી ભણતાં-ભણતાં ટ્યુશન કરીને ઘરમાં મદદ કરે છે..ને તમારે,બેટ્ટમજી બાપના પૈસે તાગડધિન્ના કરવા છે,ક્યાંક કમાવા જાઓ તો ખબર પડે કે...:પાંચસો રૂપિયાની માગણીના બદલામાં સાંભળવા મળેલો પપ્પાનો જોરદાર ધાંટો.

-નજીકના ભૂતકાળનો એ સંવાદ સાંભરી આવતાં એના હાથની મુઠ્ઠીઓ વળી ગઈ.બીજી જ પળે વર્તમાનમાં પાછા ફરતાં પ્રશ્ન થયો-સ્ત્રી કયા ધંધાની વાત કરતી હતી?એને થયું કે સ્ત્રી વાતોમાં લપેટીને એક મોહજાળ ગૂંથી રહી છે,પણ એની એ વાતોમાં ફસાવાનું એને કોઇ રીતે પાલવે તેમ નથી. એને પોતાનો મૂળ હેતુ સાંભરી આવ્યો.એણે સામેની

દીવાલ-ઘડિયાળમાં જોયું.સમય ઝડપભેર પસાર થઈ રહ્યો છે.રિષભનું બાઈક એને પાછું સોંપવાનું હતું.થોડું આઘુંપાછું થાય તો એ કદાચ ચલાવી લેશે,પણ મોબાઈલવાળા યુસુફને એણે ચાર વાગ્યાનો વાયદો કર્યો છે.પાંચ હજાર રૂપિયા એને ટાઇમસર નહીં મળે તો પેલો મોબાઈલ એ ગમે તેને વેચી નાખશે.અને પછી..

બૅડરૂમમાંથી નાના છોકરાના રડવાનો અવાજ વહી આવ્યો.આ અનપેક્ષિત અવાજથી એ ભડકી ઊઠ્યો.આ છોકરું ક્યાંક આખોય ખેલ બગાડી ન મૂકે તો સારું...!એને થયું.સ્ત્રીની હવે પછીની હિલચાલ એના માટે ખૂબ જ મહત્વની હતી.એ ચાલાક નજરે સ્ત્રીને જોઈ રહ્યો.
- લે,આ પણ ખરા સમયે જાગી ગયો..પણ તું નિરાંતે બેસ,ભઈલા..આટલી ઓળખાણ નીકળી જ છે તો હવે...:બોલતી-બોલતી એ બૅડરૂમ તરફ ચાલવા લાગી.
બસ,આ છેલ્લી તક છે,એને થયું.એણે હવે પછી ભજવાનારા દ્રશ્યની મનમાં કલ્પના કરી લીધી. સ્ત્રીની પાછળ ને પાછળ એ પણ બૅડરૂમ તરફ ધસી જશે.અંદર જઈ દરવાજો બંધ કરી ખિસ્સામાંથી ચપ્પું કાઢશે..ખોલશે,પછી પોતાના બાળકને વહાલ કરી રહેલી સ્ત્રીની એકદમ નજીક પહોંચી જશે.એના અચાનક થયેલા હુમલાથી સ્ત્રી ચોંકી જશે.કદાચ ભયભીત પણ થઈ જાય..પરંતુ એ કશુંય કરે એ પહેલાં તો એના ગળા પર ચપ્પું મૂકી - ખબરદાર..! જો મોઢામાંથી અવાજ કાઢ્યો છે તો...બેયને રહેંસી નાખીશ...ચૂપચાપ જે હોય તે આપી દે..નહીંતર..! આટલી ધમકી જ ક્દાચ પૂરતી થઈ રહેશે...પછી સ્ત્રી એની તિજોરી ખોલીને પૈસા એના હાથમાં મૂકી દેશે.પોતે ફટાફટ એના હાથપગ બાંધી રૂમમાં પૂરીને અહીંથી ચાલી નીકળશે અને વાત પૂરી....

બસ,તો હવે રાહ કોની જુએ છે?-અંદરથી ઊઠેલા અવાજને અનુસરતો હોય તેમ એ એક્દમ ઊભો થયો.બેડરૂમની દિશામાં ધસી ગયો.દરવાજાનું હૅન્ડલ પકડી બંધ કરવા જાય ત્યાં જ એની નજર સામેની દીવાલે ટિંગાડેલી તસવીર પર પડી.એની આંખો એકદમ પહોળી થઈ ગઈ.ડ્રોઇંગરૂમના ટેબલ પરના ફોટામાંના પુરૂષની જ,સુખડનો હાર ચડાવેલી તસવીર.અને નીચે લખેલી બે'ક વર્ષ પહેલાંની અવસાનની તારીખ...
એનું મગજ ધૂમરીઓ ખાવા લાગ્યું.

- બેપનાહ પ્યાર હૈ આજા...તેરા ઈન્તઝાર હૈ આજા...:સ્ત્રીનો મોબાઈલ રણકી ઊઠ્યો.એ થોડો પાછો પડ્યો.દીવાલ સરસો ચીપકીને જોઈ રહ્યો..બે-અઢી વર્ષના છોકરાને પલંગ પાસે ઊભો રાખી સ્ત્રીએ મોબાઈલ હાથમાં લીધો.નંબર ચૅક કરી,કાને લગાડી દબાયેલા અવાજે વાત કરવા લાગી.એ સ્ત્રીને જોઈ રહ્યો.સાડીનો છેડો હવામાં ઝૂલતો હતો.અને એની કમરની લચક...એના મોઢામાં પાણી વળી આવ્યું.વળતી જ પળે એણે નજર ત્યાંથી હટાવી લીધી.બસ,આ વાત પતે એટલી જ વાર.હવે એક પણ ક્ષણ બગાડવી નથી.એ મોબાઈલ મૂકવા વાંકી વળે કે તરત જ પાછળથી પકડીને...વાત જલ્દી પૂરી થાય એની રાહ જોતો એ ઊંચોનીચો થતો રહ્યો.બન્ને હાથ સાબદા કરી રાખ્યા.પણ એની ધારણા કરતાં વાત લાંબી ચાલી.એની ધીરજ ખૂટવા માંડી.એ કાન માંડીને એની વાતચીત સાંભળી રહ્યો.
- હા,હમણાં જ ગયા...!અત્યારે..?ઘેર..?ના..ના..!ઘેર તો મહેમાન...છે ..સાંજે ચોક્કસ....પાર્ટી કોણ છે?ના,એમાં ફેરફાર નહીં..તને તો ખબર છે,આવતા મહિને નણંદનું મામેરૂં છે..ભલે-ભલે, ઍડ્રેસ બોલ..?એ તો બહુ દૂર પડે છે,યાર..!નજીકમાં સૅટ થાય એવું નથી..?જીવ નથી ચાલતો, સાંજના સમયે આ છોકરાને એકલાને મૂકીને નીકળતાં...

છેલ્લી વાર ઘેર ગયો ત્યારે શહેરના એક ગેસ્ટ હાઉસ પાસેથી પસાર થતાં અનાયાસે એની નજર એ તરફ પડેલી.પહેલાં તો એ માની જ નહોતો શક્યો.પણ પછી ધારીધારીને જોયું તો ખાતરી થઈ કે એ એની બહેન સ્મૃતિ જ હતી.પણ એ એકલી નહોતી.એની સાથે મોટી ઉંમરનો કોઈ અજાણ્યો પુરૂષ પણ હતો.બન્ને સંતાઈને પાછળના દરવાજેથી પ્રવેશ્યાં હતાં.મોડી રાત્રે પાછી ફરેલી સ્મૃતિ મમ્મીને કહેતી હતી : આજે વળી એક સ્ટુડન્ટ વધ્યો,મમ્મી..! એટલે આવતીકાલથી મારે થોડું મોડું થશે...!

એની આંખો મીંચાઇ ગઇ.મોંઢામાં  કડવાશ ફેલાઈ વળી.દાંત ભીંસાઈ ગયા.હાથની મુઠ્ઠીઓ વળી ગઈ.આખાય શરીરે પરસેવો વળી આવ્યો.શ્વાસોશ્વાસની ગતિ એકદમ તીવ્ર થઈ ગઈ.એ ઝનૂનભેર પગ ઊપાડવા જતો હતો પણ પગ કોઇએ પકડી રાખ્યા હોય તેવો ભાસ થયો.એણે જોયું-સ્ત્રીનો છોકરો એના પગ પકડીને ઊભો હતો,ખિલખિલ હસતો...

એ વાંકો વળ્યો...

સ્ત્રી વાત પૂરી કરીને બહાર આવી.જોયું.એનો દીકરો દેખાયો નહીં.ડ્રોઇંગરૂમમાં જોયું.ત્યાં પણ નહોતો.એ હાંફળી-ફાંફળી થઇ ગઇ.ઝડપભેર ઑસરીમાં આવી.ત્યાંથી દેખાયું-છોકરો વરંડાના ગેંટ પાસે ઊભો હતો ,જમણો હાથ હવામાં હલાવતો.સ્ત્રી દોડતી ત્યાં પહોંચી.છોકરાને તેડી લીધો.અચાનક એનું ધ્યાન ગયું.છોકરાના ડાબા હાથમાં સોની નોટ ફરફરતી હતી.અને એ કાલીઘેલી ભાષામાં,અસ્ફુટ સ્વરે:મા..આ..આ..મા.....! ટાઆઆ..ટાઆઆ...જેવું બબડી રહ્યો હતો.

- સ્ત્રીએ ખૂબ લાંબે સુધી નજર દોડાવી.બહાર કોઇ દેખાયું નહીં.મે મહિનાના,ખરા બપોરના સુષુપ્ત સન્નાટામાં કેવળ બાઇકની ધણધણાટી ગૂંજતી હતી,દૂ...ર વહી જતી અને ક્રમશઃ મંદ થતી જતી ધણધણાટી...

**********   **********   **********   **********   **********

**સંપર્ક** :
દશરથ પરમાર,
6,પુષ્પકુંજ સોસાયટી,
ગુરૂકુળ હાઇસ્કૂલ સામે,કાંસા એન.એ.વિસ્તાર,
વિસનગર – 384 315 (ઉ.ગુ.)
*Tel. 02765 – 231158. Mob. 94274 59305.*

E-Mail ID :
1. dashrath.parmar02@gmail.com
2. dashrath.parmar20@gmail.com